# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
## (ગુજરાત એક્ટ નં.૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
# Shri Govind Guru University
## ( Established vide Gujarat Act No. 24/2015)

સરકારી પોલીટેકનીક કેમ્પસ
ગદકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ 389001

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001

નં.એસજીજીયુ/એનએસએસ/૨૦૧૯/૪૭૦૦૨ તા.03/0૫/૨૦૧૯

પરિપત્ર : ૮૨૫

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો/માન્ય પી.જી.કેન્દ્રોના આચાર્યશ્રીઓ/પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ તથા એન.એસ.એસ.પ્રોગ્રામ ઓફિસરોને જણાવવાનું કે, રાષ્ટ્રના સર્વાંગી વિકાસમાં વિદ્યાર્થીઓના યોગદાનને પ્રોત્સાહન આપવા માટે "સ્ટુડન્ટ ફોર ડેવલપમેન્ટ" ની રચના કરવામાં આવી છે. આ સંસ્થા દ્વારા તા.૧૫/૦૫/૨૦૧૯ થી ૧૯/૦૫/૨૦૧૯ સુધી "ગામને જાણો-ગામને માણોઃ અનુભૂતિ-૨૦૧૯" નામનો ગ્રામ્ય જીવન દર્શનનો કાર્યક્રમ યોજાનાર છે. જેમાં શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના કાર્યક્ષેત્રમાં આવતા પંચમહાલ, દાહોદ, મહીસાગર, છોટાઉદેપુર અને વડોદરા (ગ્રામ્ય) જીલ્લાના ગામડાઓમાં કેમ્પનું આયોજન થનાર છે. આવા કેમ્પ ૦૫ (પાંચ) દિવસના રહેશે. વિદ્યાર્થીઓ તે કેમ્પમાં સમાવિષ્ટ વિવિધ ગામોમાં જશે અને સવારથી સાંજ સુધી ગામડાઓમાં રહીને ગ્રામ્ય જીવનની અનુભૂતિ કરશે. આ ગ્રામ્ય જીવન દર્શન દરમિયાન વિદ્યાર્થીઓ ગામડામાં સ્વચ્છતા, પ્રાથમિક આરોગ્ય, પર્યાવરણ સંરક્ષણ, વન્યજીવ સંરક્ષણ, વૃક્ષરોપણ, જળ સંચય જેવા ગ્રામ્ય વિકાસના મહત્વના મુદ્દાઓમાં સ્થાનિક સ્વરાજના અને ગામડાના આગેવાનો સાથે રહી ગામડાના યુવાનોને પ્રેરણા આપશે. આ કેમ્પ દરમ્યાન રાત્રે વ્યક્તિત્વ વિકાસ, પ્રતિભા દર્શન તથા અન્ય સાંસ્કૃતિક સ્પર્ધાઓ અને પ્રવૃત્તિઓનું આયોજન થશે. જે વિદ્યાર્થીઓ NSS/NCC/સ્પોર્ટ્સ વગેરે પ્રવૃત્તિઓમાં જોડાયેલા હોય તેવા વિદ્યાર્થીઓને પસંદગીમાં પ્રાધાન્ય આપવામાં આવશે. અન્ય વિદ્યાર્થીઓ પણ આ કેમ્પમાં ભાગ લઈ શકશે. આ કેમ્પમાં ભાગ લેવા સંબંધિત રહેવા-જમવા-ટ્રાન્સપોર્ટેશનનો સમગ્ર ખર્ચ યુનિવર્સિટી તરફથી આપવામાં આવશે. આ કાર્યક્રમમાં ભાગ લેવા ઇચ્છતા વિદ્યાર્થીઓએ આ સાથે સામેલ ફોર્મ ભરીને શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીમાં આ કાર્યક્રમના સંયોજક ડૉ.નરસિંહભાઈ પટેલ અથવા સહ સંયોજક પ્રા.મહેશભાઈ રાઠવા અને પ્રા.સાબતસિંહ પટેલને રૂબરૂ/પોસ્ટ અથવા nss@sggu.ac.in પર ઈ-મેઈલથી તા.૧૦/૦૫/૨૦૧૯ સુધીમાં મોકલી આપવાના રહેશે. "ગામને જાણો-ગામને માણોઃ અનુભૂતિ-૨૦૧૯" માં ભાગ લેનાર દરેક વિદ્યાર્થીઓને શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા તરફથી સર્ટીફીકેટ એનાયત કરવામાં આવશે. તો આ અંગેની માહિતી વધુમાં વધુ વિદ્યાર્થીઓ સુધી પહોંચે અને વધુમાં વધુ વિદ્યાર્થીઓ આ કેમ્પનો લાભ લે તે માટે યોગ્ય વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા અને તે માટે જરૂરી કાર્યવાહી કરવા વિનંતી.

કા.કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

બિડાણ : રજીસ્ટ્રેશન ફોર્મ

પ્રતિ,

- આ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો/માન્ય પી.જી.કેન્દ્રોના આચાર્યશ્રીઓ/પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ તથા એન.એસ.એસ.પ્રોગ્રામ ઓફિસરો તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

# Shri Govind Guru University
( Established vide Gujarat Act No. 24/2015)

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ ૩૮૯૦૦૧

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001

---

"ગામને જાણો ગામને માણો: અનુભૂતિ-૨૦૧૯"

## <u>રજીસ્ટ્રેશન ફોર્મ</u>

વિધાર્થીનું નામ :

વિદ્યાર્થીના વાલી/પિતા નું નામ:

વિદ્યાર્થીનું ઘરનું સરનામું:

વિધાર્થીનો મોબાઈલ નંબર

કોલેજનું નામ અને સરનામું:

અભ્યાસ ની વિગત:

એન.એસ.એસ./એન.સી.સી./સ્પોર્ટ્સ માં

સંકળાયેલા હોય તો તેની વિગત:

**વિદ્યાર્થી/વિદ્યાર્થીની ની સહી** | **કોલેજના આચાર્યની સહી** | **પિતા/માતા/વાલીની સહી**

## <u>"મંજુરી પત્રક"</u>

હું મારા પુત્ર/પુત્રી/પાલ્ય ______________________ ને 'ગામને જાણો ગામને માણો: અનુભૂતિ-૨૦૧૯'માં ભાગ લેવાની મારી મરજીથી મંજુરી આપું છું. મારો પુત્ર/પુત્રી/પાલ્ય કેમ્પ દરમિયાન બધી પ્રવૃતિઓમાં ભાગ લેશે તથા નિયમોનું પાલન કરશે તેની હું ખાતરી આપું છું.

પિતા/માતા/વાલી નું નામ:

પિતા/માતા/વાલીની સહી:

પિતા/માતા/વાલીનો મોબાઈલ નં.: